# ધોરણ – ૧૨

## સામાન્ય પ્રવાહ

## વિષય :- ઈતિહાસ (029)

### પ્રકરણ – ૫   1857 નો સંગ્રામ

માસ – જુલાઇ  – ૨૦૨૦ H.S.C. બોર્ડ                                    ગુણભાર- ૮ ગુણ

### પ્રસ્તાવના

- ઇ.સ. 1856 માં ઈસ્ટ ઇન્ડયા કંપનીના છેલ્લા ગવર્નર જનરલ તરીકે કેનિંગ ભારતમાં આવ્યો ત્યારે તેણે એવી શંકા વ્યકત કરી હતી કે "હું ઇચ્છું છુ કે ભારતમાં મારો સમય ગાળો શાંતિપૂર્ણ હોય , હું એ નથી ભૂલી શકતો કે ભારતનું આકાશ અત્યારે શાંત રહે પરંતુ ક્યારેક અસંતોષનું નાનું વાદળું , ભલે તે એક હાથના માપનું કેમ ન હોય ! પરંતુ તે નિરંતર વિસ્તૃત થઈ ફાટીને આપણને બધાને ભરખી શકે છે," કેનીંગની ઉક્ત શંકા સાચી ઠરી .1857 ના સંગ્રામની જાળ ભારતભરમાં ફેલાઈ.1857નો સંગ્રામ ભારતના ઇતિહાસની એક ગૌરવપ્રદ ગાથા છે .ક્રાંતિની પ્રક્રિયા વર્ષોથી ચાલતી હતી .કેટલાક ઈતિહાસકારોએ 1857ના સંગ્રામનું મુખ્ય કારણ સૈનિકોનો અસંતોષ તથા ચરબી વાળી કારતૂસોને ગણાવે છે .પરંતુ રાજકીય દમન ,વહીવટી ગેરવ્યવસ્થા ,લશ્કરી ,સામાજિક , આર્થિક વગેરે કારણો દર્શાવે છે કે 1857 નો સંગ્રામ એ ભારતની પ્રજા દ્વારા અંગ્રેજી શોષણખોર રાજ્યને અપાયેલો મહાન પડકાર છે જેમાં ભારતીયોએ  પોતાની ક્ષમતા મુજબનું યોગદાન આપ્યું .શહિદોના રક્તથી જાણે કે આઝાદીના જંગનું રણશિંગુ ફૂંકાયું .આખો દેશ એક સાથે વિદેશી શાસન ,આર્થિક શોષણ ,સામાજિક ભેદભાવ જેવા કારણો વિરૂધ્ધ ઊભો થયો.
- <u>પ્રકરણના અગત્યના મુદ્દા</u> :- 1857 નો સંગ્રામ ભારતના ઈતિહાસમાં ભારતીય પ્રજા દ્વારા બ્રિટિશરોને અપાયેલ મહાન પડકાર હતો। જે વર્ષોથી દબાયેલ બદલાની ભાવનાનો ઊભરો હતો.વિપ્લવમાં દેશની તમામ જનતાએ પોતાની રીતે આહુતીઓ આપી છે.
- <u>બ્રિટિશ શાસન સામેના અસંતોષના કારણો :-</u>
  - <u>રાજકીય કારણો</u> :-બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયાએ ભારતમાં યુદ્ધનીતિ,ચાણક્યનીતિ તથા 'ભાગલા પાડો'ની નીતિનો આશરો લઈને ભારતમાં પોતાના રાજ્યોનો સારો એવો વિસ્તાર કર્યો. ઉપરાંત સામ્રાજ્યવાદ, સહાયકારી યોજના,ખાલસાનીતિ,'ઈનામ કમિશન નીતિ'દ્વારા જમીનો અને સત્તા કબ્જે કરી.લોકો ના મન માં એવી લાગણી દ્રઢ થઈ કે રાજા મહારાજાઓની જો આવી દશા હોય તો સામાન્ય પ્રજા ની પરિસ્થિતી કેવી થઈ શકે તે વિચારથી સંગ્રામમાં જોડાયા.
  - <u>વહીવટી ખામીઓ</u> :-અંગ્રેજોએ ઊંચા હોદ્દા પર માત્ર અંગ્રેજોએ ની જ નિયુક્તિ કરી હતી.જેથી શિક્ષિત હિંદીઓમાં નિરાસા વ્યાપી.વહીવટીતંત્રમાં ભારે કરવેરા,ખર્ચાળ ન્યાયતંત્ર,લાંચ રૂશ્વત અને શિથિલતાએ ભારતીયોના મનમાં અસંતોષ પેદા કર્યો.
  - <u>આર્થિક શોષણ</u> :-અંગ્રેજોએ ભારતને કાચો માલ પ્રાપ્ત કરવાનું સંસ્થાન તથા તૈયાર માલ વેચવાનું બજાર બનાવી દીધું હતું.અંગ્રેજોની નીતિએ ભારતના ગ્રામોદ્યોગ,હસ્તકળા-કારીગરીના ઉદ્યોગો અને વિદેશ વેપાર મૃત:પ્રાય બનાવી દીધો.પરિણામે ભારતમાં બેરોજગારી અને ગરીબીનું સામ્રાજ્ય ફેલાયું.1801 થી 1855 સુધી ભારતમાં અનેક દુષ્કાળ પડ્યા,જેનાથી ભારતીય સામાજિક અને આર્થિક જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું. દુષ્કાળ રાહત માટે અંગ્રેજ સરકારે કોઈજ પ્રયત્ન ના કરતાં લોકોના અસંતોષમાં નોધપાત્ર વધારો થયો.

- **<u>સામાજિક અને ધાર્મિક કારણો</u>**:-વિલિયમ બેન્ટિક દ્વારા ભારતમાં પ્રાશ્ચાત સુધારા કર્યા.જેવાકે સતીપ્રથા,બાળહત્યા,બાળલગ્ન,વિધવાવિવાહને લગતા કાયદાઓને રૂઢિચુસ્ત સમાજે પોતાના ધાર્મિક અને સામાજિક વ્યવસ્થામાં હસ્તક્ષેપ ગણી અંગ્રેજ શાસન વિરુદ્ધ પોતાનો બળાપો કાઢ્યો.ધર્મપરિવર્તને પણ અંગ્રેજો પ્રત્યે રોષ જન્માવ્યો.
- **<u>લશ્કરી કારણો</u>**:-ભારતીય લોકમાનસમાં અંગ્રેજો પ્રત્યેના રોષ અને અસંતોષનો ભારેલો અગ્નિ લશ્કરે પ્રગટ કર્યો.પગાર,ભથ્થા,સગવડ અને બઢતીમાં ભેદભાવ,હિન્દી સૈનિકો પ્રત્યેના તુમાખીભર્યા વર્તને અસંતોષની લાગણીમાં વધારો કર્યો.ઉપરાંત ભારતીય સૈનિકોની ધાર્મિક વિધિઓ અને માન્યતાઓ પર પ્રહાર કર્યા. આ સાથે કેટલાક યુદ્ધોમાં અંગ્રેજોની ભારે હાર થઈ હતી,તેથી હિન્દી સૈનિકોમાં અતૂટ આત્મવિશ્વાસ પેદા થયો કે અંગ્રેજો અજેય નથી.આમ ઊભા થયેલા લશ્કરી અસંતોષે અને માન્યતાએ હિંદી સૈનિકોને સંગ્રામ પ્રતિ પ્રેર્યા.
- **<u>અન્ય કારણો</u>**:-પ્લાસીના યુદ્ધને (જૂન 1757) સો વર્ષ પૂરા થતાં હતા.એવી આગાહી કરવામાં આવી હતી કે ભરતમાં કંપનીનું શાસન સો વર્ષ સુધી ટકવાનું છે અને મુદત પૂરી થતાં તે નાશ પામશે .1857 ના મે માસમાં સો વર્ષ પૂરા થતાં હતા .આ સમય ગાળા દરમિયાન ઈટાલી ,ગ્રીસ ,બેલ્જિયમ વગેરે દેશોમાં સ્વાધીનતા માટેની લડતો થઈ એમાથી પણ હિંદીઓને પ્રેરણા મળી.
- **<u>1857 ના સંગ્રામનું તાત્કાલિક કારણ</u>** :- હિન્દી સૈનિકોને જૂની લોખંડની બંદૂક બ્રાઉન બેઝ ને બદલે નવી એન્ફિલ્ડ રાયફલ આપવામાં આવી .નવી આ રાઈફલમાં કારતૂષના ઉપરના ભાગ-કેપને દાંત વડે તોડવાની હતી .આ સમયમાં (જાન્યુઆરી 1857 ) બંગાળ સેનામાં કારતૂસો બનાવવામાં ગાય અને ડુક્કરની ચરબીનો ઉપયોગ થતો હોવાની અફવા ફેલાઈ તેથી હિંદી સિપાઈઓએ તેને વાપરવાનો ઇનકાર કર્યો તેથી વિદ્રોહની શરૂઆત થઈ.

➢ **<u>1857 સંગ્રામની શરૂઆત અને વિકાસ</u>** :- ભારતમાં સંગ્રામ માટે 31 મી મે 1857 ની તારીખ નક્કી કરી હતી પરંતુ અનિવાર્ય સંજોગોને કારણે તે નિર્ધારિત સમય પહેલાં શરૂ થયો .વિપ્લવનો પહેલો બનાવ બંગાળની બરાકપૂરની લશ્કરી છાવણીમાં બન્યો. ત્યાર બાદ મેરઠના સૈનિકોએ પણ ચરબીવાળી કારતૂસો વાપરવાનો ઇનકાર કર્યો.મંગળ પાંડેએ બળવો કરતાં તેને ફાંસી આપવામાં આવી .ઉશ્કેરાયેલા સૈનિકોએ અંગ્રેજ સૈનિકો અને અધિકારીઓની હત્યા કરી .દિલ્હીમાં બહાદુરશાહ, કાનપુરમાં નાના સાહેબ પેશ્વા,લખનૌમાં બેગમ હઝરત ,ઝાંસીમાં રાણી લક્ષ્મીબાઈ ,બિહારામાં કુવરસિંહ,બરેલીમાં બહાદુર ખાને પોતાના વિસ્તારની આગેવાની લીધી .ભારતના અલગ અલગ પ્રદેશો અને ગુજરાતમાં પણ વિવિધ જગ્યાઓએ સશસ્ત્ર લડતની શરૂઆત થઈ .

➢ **<u>સંગ્રામની નિષ્ફળતાના કારણો :-</u>**

- **<u>કેન્દ્રીય નેતાગીરીનો અભાવ</u>** :-
  - સંગ્રામ માટે જરૂરી એવા કેન્દ્રવર્તી સંગઠન અને સર્વોપરી સેનાની પદ નો અભાવ હતો
  - અવ્યવસ્થા ,નેતાઓની અવગણના, સ્ત્રી હોવાના નાતે ઝાસીની રાણીના સૂચનોનો અમલ થયો નહિ.
  - તાત્યાને સેનાની તરીકે સ્વીકારવામાં આવ્યો નહિ.

- **<u>સંગ્રામ અમુક પ્રદેશ પૂરતો જ મર્યાદિત</u>** :-
  - સંગ્રામની અસર પંજાબ ,રાજસ્થાન ,કાશ્મીર .સિંધ,નેપાળ,પૂર્વ બંગાળ ,આસામ અને દક્ષિણ ભારતમાં જોવા નહોતી મળી.

- <u>રાજા રજવાડાનો અંગ્રેજોને સાથ</u> :-
    - દેશના મોટા ભાગના રાજાઓએ સ્વતંત્રતા સંગ્રામને દબાવી દેવા અંગ્રેજોને સાથ આપ્યો.
    - હૈદરાબાદના નિઝામ ,કાશ્મીરના રાજા ગુલાબસિંહ , પતિયાળાનાભા અને ઝીંદના શીખ શાસક ,ઇન્દોરના હોલકર,ગ્વાલિયરના સિંધિયા ,વડોદરાના ગાયકવાડ ,ભોપાલના નવાબ,ટીકાગઢ અને ટેકરીના રાજાઓનો અંગ્રેજોને સાથ,શીખ અને ગુરખા જેવી લડાયક જાતિઓએ અંગ્રેજોના પક્ષે રહી સંગ્રામ સામે મોરચો શરૂ કર્યો.
- <u>વિદ્રોહકારીઓની નબળાઈઓ</u> :-
    - વિદ્રોહકારીઓમાં આયોજન શક્તિનો અભાવ, નેતાગીરીનો અભાવ,લશ્કરી શસ્ત્ર સરંજામ અને સેનાપતિનો અભાવ ,સંદેશા વ્યવહાર અને વાહન વ્યવવહારની અપર્યાપ્ત વ્યવસ્થાએ સંગ્રામ ને નબળો પડ્યો.
- <u>શિક્ષિતોની અલિપ્તતા</u>
    - બુદ્ધિજીવી અને શિક્ષિતવર્ગને અંગ્રેજો નવા યુગના પ્રતિક લાગતાં તેઓ સંગ્રામમાં ના જોડાયા.
- <u>સમાન ધ્યેય તથા રાષ્ટ્રીયતાનો અભાવ</u> :- સંગ્રામમાં જોડાયેલ દરેક શાસકો પોતાની સત્તા પુનઃ પ્રાપ્ત કરવા મથતા હતા. ભારત માટે એક થવાનું કોઈને સૂજયું નહીં.
- <u>સંગ્રામની વહેલી શરૂઆત</u> :-
    - નિયત તારીખ કરતાં બે માસ વહેલા એટલે કે 31 મે 1857 ને બદલે મંગલ પાડેના હાથે આકસ્મિક 29 માર્ચ 1857 ને રવિવારે પ્રારંભ થયો.
    - સંગ્રામ કારીઓની તમામ યોજના ખુલ્લી પડી ગઈ તેથી અંગ્રેજોએ સચેત બની પૂરતી તૈયારી કરીને સંગ્રામને દબાવી દેવામાં સફળ બન્યા.

➢ <u>**1857 ના સંગ્રામનું સ્વરૂપ અને ભિન્ન ભિન્ન અભિપ્રાયો**</u> :-

- સમકાલીન તથા અનુકાલીન લેખકોમાં ભિન્ન ભિન્ન મત ચાર્લ્સ રેક્સ ( 1858 માં પ્રકાશિત – ' નોટ્સ ઓન ધી રિવોલ્ટ ઇન ધી નોર્થ ',વેસ્ટર્ન પ્રાવીન્સ ઓફ ઈન્ડિયા ' –સંગ્રામને સૈનિક વિદ્રોહ ગણાવે છે.આ વિચારધારાનું સમર્થન કિશોરીચંદ્ર મિત્ર ,શંભુચંદ્ર મુખોપાધ્યાય,હરીશચંદ્ર મુખરજી ,સર સૈયદ અહમદખાએ કરેલ.
- સર ઝોન લોરેન્સ,માર્શવેન ,સાર ઝોન સીલી ના મતે 'સિપાઈઓનો બળવો'
- વિનાયક દામોદર સાવરકરે સર્વ પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ ગણાવ્યો.
- પટ્ટાભિ સીતારામૈયા – પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ.
- અશોક મહેતા – ' ધી ગ્રેટ રિબેલિયન ' માં રાષ્ટ્રીય વિપ્લવ કહ્યો.
- રાષ્ટ્રીય ઈતિહાસકારો , વિચારકો ,રાજનિતીજ્ઞોએ રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય સંગ્રામ ' કહ્યો.
- ડો.એસ.એન.સેને પોતાના પુસ્તક '1857' માં નોધ્યું છે કે – " જે વિપ્લવનો ધાર્મિક યુધ્ધ તરીકે પ્રારંભ થયો ,તેનો સ્વાતંત્ર્ય સંગ્રામ.તરીકે અંત આવ્યો."
- ભારતના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ ડો.રાજેન્દ્રપ્રસાદ – " વિપ્લવનો વ્યાપ અને સંગઠન જોતાં તેને માત્ર સિપાઈઓનો બળવો કહી શકાય નહિ,પરંતુ વિદેશી સતા સામે લોકોનું બંડ ગણાય "
- પંડિત જવાહરલાલ નહેરુ –વિપ્લવનું વિદેશી સતા સામે લોકોનું બંડ.
- ડો.રાધાકૃષ્ણ ના મતે વિપ્લવના નેતાઓમાં અમુક ઉણપો છતાં આગેવાનોએ બતાવેલી વીરતા અને બલિદાન ભાવિ રાષ્ટ્રીય આદોલન માટે પ્રેરણારૂપ.

- **<u>માત્ર સિપાઈઓનો બળવો નહિ</u> :-**

માત્ર સિપાઈઓએ ભાગ ભજવેલ છતાં મુઘલ બાદશાહ બહાદુરશાહ ઝફર ,નાના સાહેબ , ઝાસીની રાણી લક્ષ્મીબાઈ ,હઝરત મહલ ,ઝીન્નત મહલ પણ જોડાયાં.સામાન્ય જનતાએ પણ ભાગ લીધો.

- **<u>મહાન ઉત્થાન</u> :-**
  - અંગ્રેજ સત્તાને માટે પહેલો પડકાર.
  - અંગ્રેજોના તુમાખીભર્યા વહેવારથી ગુલામીનો અહેસાસ, જેથી વિદેશી માલિકોની તલવાર તેમના સામે ઉગામી.

- **<u>1857 ના સંગ્રામનાં પરિણામો</u> :-**
  - **<u>કંપની શાસનનો અંત</u>** :- 1858 માં બ્રિટિશ તાજનું સીધું શાસન ભારત પ્રત્યે તમામ ક્ષેત્રે ફેરફાર કરવાની ફરજ , મહારાણી વિકટોરિયાના ઢંઢેરામાં તેની ઝાખી.
  - **<u>વહીવટી પરીવર્તન</u>** :- વહીવટી નીતિમાં બદલાવ ,1861 માં હિન્દી ધારા સભાનો કાયદો પસાર ,નવી ધારા સભામાં પ્રથમ વખતે હિંદીઓને સ્થાન.
  - **<u>દેશી રાજ્યો પ્રત્યેની નીતિમાં બદલાવ</u>** :- ખાલસાનીતિનો ત્યાગ ,રાજાઓનો માન મરતબો ,વારસાહક અને દત્તકપુત્ર જેવા હકો જાળવી રાખવાની બાહેધરી.
  - **<u>નોકરીઓમાં સમાનતા</u>** :- હિંદીઓને પણ લાયકાતના ધોરણે નિયુક્ત કરવાની પ્રથાની શરૂઆત.
  - **<u>લશ્કરમાં પુનઃરચના</u>**:- બ્રિટિશ સિપાઈઓનું પ્રમાણ વધારાયું , જાતિ પ્રમાણે હિંદીઓની અલગ રેજીમેન્ટ બનાવાઇ.
  - **<u>આર્થિક નીતીમાં પરીવર્તન</u>** :- ભારતીય ઉદ્યોગો જેવા કે લોખંડ ,કાપડને પ્રોત્સાહન , હિંદના ભોગે ઇંગ્લેન્ડને ફાયદો કરાવવાની નિતી,આમ જનતાનું આર્થિક શોષણ વધ્યું.રેલ્વે , રસ્તા,સંદેશા વ્યવહાર નો વિકાસ કરવામાં આવ્યો.
  - **<u>સામાજિક નીતિ</u>** :- " ભાગલા પાડો અને રાજ કરો " ની નીતિ અપનાવી ,કોમવાદ ને ઉત્તેજન , રૂઢિચુસ્ત નીતિની ધારણ કરી.
  - **<u>ધાર્મિક નીતિ</u>** :- ધાર્મિક બાબતોમાં તટસ્થ નીતિ ,પાદરીઓને અપાતું ઉત્તેજન બંધ , હિંદીઓની ધાર્મિક લાગણી ન દુભાય તેની તકેદારી.

નૂતન યુગનાં પગરણ ,નૂતન રાષ્ટ્રવાદનો ઉદ્દભવ અને વિકાસ , ગાધી યુગની શરૂઆત.

# ધોરણ – ૧૨

## સામાન્ય પ્રવાહ

## વિષય :- ઈતિહાસ (029)

### પ્રકરણ – ૫ 1857 નો સંગ્રામ

માસ – જુલાઇ – ૨૦૨૦ H.S.C. બોર્ડ ગુણભાર- ૮ ગુણ

## સ્વાધ્યાય

## વિભાગ –A

**નીચેના વિકલ્પોમાથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તરા લખો. (પ્રત્યેકના ૧ ગુણ)**

1. પેશ્વા બાજીરાવ બીજાનો દત્તક પુત્ર કોણ હતો?

   (A) તાત્યા તોપે (B) નાના સાહેબ (C) અમૃતરાવ (D) માધવરાવ

2. રાણી લક્ષ્મીબાઈ કયા રાજ્યના રાણી હતાં ?

   (A) ઈન્દોર (B) નાગપુર (C) સતારા (D) ઝાંસી

3. અંગ્રેજોએ તમામ ઊંચા હોદ્દાઓ ઉપર કોને નિયુક્ત કરેલ?

   (A) મુસ્લિમોને (B) અંગ્રેજોને (C) હિન્દુઓને (D) નેપાલીઓને

4. ખ્રિસ્તી ધર્મના પ્રચાર અને પ્રસાર માટે કોનો સહયોગ લેવામાં આવતો હતો?

   (A) ગવર્નર (B) પોલીસ (C) રાજા (D) સૈનિકો

5. ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરનારને વારસાગત મિલકતમાં કયા કાયદાથી હક આપવામાં આવ્યો ?

   (A) ઇ.સ. 1850 Religious Disabilities Act (B) ખાલસાનીતિ કાયદો

   (B) ઇ.સ. 1909 નો કાયદો (D) ઇ.સ. 1833 નો ધારો

6. 1857 ના મહાસંગ્રામના પ્રથમ શહીદ બનવાનું સદ્દભાગ્ય કોને સાપડેલું?

   (A) બહાદુરશાહ ઝફર બીજો (B) કુંવરસિંહ (C) તાત્યા ટોપે (D) મંગળ પાંડે

7. 1857 ના મહાસંગ્રામની શરૂઆત ક્યાંથી થવા પામી હતી ?

   (A) કાનપુર (B) મેરઠ (C) આગ્રા (D) દિલ્હી

8. 1857 ના મહાસંગ્રામના ઉદ્દભવ માટે તાત્કાલિક કારણ કયું હતું ?

   (A) ડેલહાઉસીએ ખાલસા કરેલા રાજ્યો

   (B) નવી એન્ફિલ્ડ રાયફલ અને ચરબી વાળા કરતૂસો.

   (C) કંપનીના શાસકો દ્વારા ભારતની સામાજિક – ધાર્મિક બાબતોમાં કરાતો હસ્તક્ષેપ

   (D) ભારતનાં ગૃહઉદ્યોગો –હસ્તકલા –કારીગરીના ઉદ્યોગોની પાયામાલીને કારણે બેરોજગારી

9. કોના સમયમાં ભારતીય સૈનિકો ને હિંદ બહાર લશ્કરી સેવા માટે મોકલવા અંગેનો કાયદો પસાર થયો ?

   (A) કેનિંગ (B) વેલેસ્લી (C) મનારો (D) ડેલહાઉસી

10. કાલ્પી અને ગ્વાલીયર ખાતે અંગ્રેજોને શૌર્યભરી લડત કોણે આપી હતી ?

    (A) હજરત મહલ (B) કુંવરસિંહ (C) લક્ષ્મીબાઈ (D) નાના સાહેબ પેશ્વાં

11. 1857 ના વિપ્લવને 'રાષ્ટ્રીય વિપ્લવ ' તરીકે કોણે સિધ્ધ કર્યો હતો ?

    (A) ડો.રાજેન્દ્રપ્રસાદ (B) અશોક મહેતા (C) જવાહરલાલ નહેરુ (D) ડો.એસ.એન.સેન.

12. 1857 નો વિપ્લવ એ માત્ર " સિપાઈનો બળવો " હતો વિધાન કોનું છે?

    (A) અશોક મહેતા (B) ડો.આર.સી.મજુમદાર (C) ડો.રાજેન્દ્રપ્રસાદ (D) ડો.રાધાકૃષ્ણન

## વિભાગ - B

**એક બે વાકયામાં ઉત્તર લખો. (પ્રત્યેકના ૧ ગુણ)**

1. ભારતના વેપાર અને ઉદ્યોગોનાં કયાં કેન્દ્રો બરબાદ થઈ ગયાં?
2. આગરામાં કયું ફરમાન બહાર પાડવામાં આવ્યું?
3. વાઈસરોય કેનિંગ સમયમાં કયા કાયદાને કારણે ભારતીય સૈનિકોમાં અસંતોષ ફેલાયો ?
4. 1857 ના સંગ્રામનો પ્રથમ બનાવ ક્યાં બન્યો ?
5. કયા રાજાઓએ અંગ્રેજોને લશ્કરી સહાય કરી ?
6. સંગ્રામનો પ્રારંભ કયા દિવસે થયો ?
7. કયા ઈતિહાસકારો આ સંગ્રામને 'સિપાઈઓનો બળવો ' માને છે?
8. 1857 ના સંગ્રામ બાદ ભારતમાં કોનું શાસન સ્થાપિત થયું હતું ?
9. 1857 ના સંગ્રામનાં નેતાઓ જણાવો?
10. 1857 ના સંગ્રામનું તાત્કાલિક કારણ જણાવો

## વિભાગ –C

**નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં લખો (દરેકના 2 ગુણ )**

1. ઈગ્લેન્ડનો માલ ભારતમાં શાથી સસ્તો પડવા લાગ્યો?
2. 1857 ના સંગ્રામનાં મહત્વનાં કેન્દ્રો કયાં હતા ?
3. ભારતીય સૈનિકોએ એન્ફિલ્ડ રાયફલનો ઉપયોગ કરવાનો ઇનકાર શા માટે કર્યો ?
4. 1857 નાં સંગ્રામને શિક્ષિતો અને બુધ્ધિજીવીઓનો સહકાર શાથી મળ્યો નહિ?
5. 1857 પછીની બ્રિટીશ નીતિને કારણે ભારતમાં કોમી વૈમનસ્યનાં બીજ કઈ રીતે રોપાયાં ?
6. 1857 નો સંગ્રામ શાથી નિષ્ફળ ગયો ?
7. ડેલહાઉસીએ રાજાઓનો કયો અધિકાર ના મંજૂર કર્યો ?

## વિભાગ –D

**નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (દરેકના 5 ગુણ )**

1. 1857 નાં સંગ્રામ નાં રાજકીય કારણો સ્પષ્ટ કરો.
2. 1857 નાં મહાસંગ્રામ નાં ઉદ્દભવા માટે જવાબદાર લાશ્કરી કારણો કયાં કયાં હતાં ?
3. 1857 નાં સંગ્રામ ની શરૂઆત અને વિકાસ સમજાવો .
4. 1857 નાં સંગ્રામની નિષ્ફળતાનાં કારણો ચર્ચો .
5. 1857 નાં સંગ્રામનાં પરિણામોની મુદ્દાસર ચર્ચા કરો.
6. 1857 નાં સંગ્રામનાં સ્વરૂપ વિશેના ભિન્ન અભિપ્રાયો જણાવો.
7. 1857 નાં મહાસંગ્રામનાં ઉદ્દભવ માટે સામાજિક અને ધાર્મિક કારણો કયાં કયાં હતાં?